સંક્ષિપ્ત સમાચાર

ખારેલ સહકારી મંડળી સભાસદોને 20 ટકા ડિવિડન્ડ આપશે

કેયુરી વારીયા

બીલીમોરા: ખારેલ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી મંડળીના પ્રમુખ અભિષેક પટેલના અધ્યક્ષ સ્થાને ૬૭મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં એજન્ડા ઉપરનાં ૯ કામોને સર્વાનુમતે બહાલી અપાઈ હતી. વર્ષ દરમ્યાન રૂ.૨૩.૯૬ લાખનાં વેપાર સાથે રૂ.૧.૧૪ કરોડનાં ઐતિહાસિક સર્વોચ્ચ કાચા નફા બાદ ૧.૦૧ કરોડની વિવિધ ફંડો માટે ફાળવણી કરાઈ હતી. ખારેલ સહકારી મંડળીની વાર્ષિક સભામાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૨૩,૯૬,૯૪,૭૩૮નાં વેપાર સાથે રૂ.૧,૧૪,૪૧,૧૨૪નો કાચો નફો કર્યો છે અને વિવિધ ખર્ચાઓ બાદ કરી રૂ.૧,૦૧,૦૦,૦૦૦ની વિવિધ ફંડો માટે ફાળવણી કરી છે. કર્મચારીઓને ૨૫ ટકા બોનસ અને સભાસદોને ૨૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરાતા આનંદ વ્યાપી ગયો હતો. કેએસએમ સુપરમાર્કેટે વર્ષ દરમિયાન ૫.૩૮ કરોડનાં વેપાર સાથે ૫૦.૨૫ લાખ જેટલો કાચો નફો કર્યો છે. આ પ્રસંગે પ્રમુખ અભિષેક પટેલ, ડિરેક્ટર્સ નિરવ પટેલ, જીતેન્દ્ર દેસાઈ, રાજેશ પટેલ, જયેશ આહીર, નિમેષ પટેલ, જગદીશ પટેલ, રીનાબેન પટેલ, જશુબેન પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સભાસદો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મહુવાસની કન્યા છાત્રાલયને કેંગન વોટર મશીનની ભેટ

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના મહુવાસ ગામે આવેલી સરસ્વતી કન્યા છાત્રાલયમાં આદિજાતિની 155 કન્યાઓ અભ્યાસ કરે છે. જેમાથી ૨૯ દિકરીઓ અનાથ છે, આ તમામ દિકરીઓ માટે શુદ્ધ પાણી સાથે આરોગ્ય ઉત્તમ બની રહે તેવા શુભ હેતુથી અમદાવાદના મેડિકલ ડો. રૂપલ મેડમ દ્વારા ૩ લાખના ખર્ચે કેંગન વોટર મશીન ભેટ આપવામાં આવ્યું હતું. ડો. રૂપલ ભાવસારે વિદ્યાર્થીઓને જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપ્યું હતુ. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો.કમલેશ ઠાકોર, સનતકુમાર જોષી, અમદાવાદના ડો. સંજયભાઈ જાદવ, દિપકભાઈ જાદવ, સુરતના ડો.મિતેશ કુકડિયા, જયેશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં વાલીમિત્રો, શાળાના કેમ્પસ ડાયરેક્ટર દિશાંત ઠાકોર, આચાર્ય હર્ષાબેન તથા નર્સિંગ કોલેજના આચાર્ય દામિનીબેન ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ નર્મદ નગરીના કાર્યકરોએ અનાજ કિટનું વિતરણ કર્યું

રીશ ભોયે

સાપુતારા: દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લામાં ચોમાસુ શરૂ થતાં જ પ્રકૃતિ પ્રેમી પર્યટકો ડાંગ ભણી દોટ મુકતા હોય છે. ત્યારે કેટલાક પર્યટકો તેમના ડાંગના આ પ્રવાસને યાદગાર બનાવવા પ્રકૃતિ દર્શનની સાથોસાથ પરમાર્થ કાર્ય પણ હાથ ધરતા હોય છે. ગત રવિવારે આવા જ એક પ્રવાસે આવેલા સુરતના ‘Giants group of Narmad Nagari’ સંસ્થાના હોદ્દેદારોએ ડાંગના જરૂરતમંદ પરિવારો માટે ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે અનાજ, કઠોળ, તેલ, ખાંડ, મસાલા સાથેની ૬૦ જેટલી કીટ તથા કપડા, પગરખા વિગેરેનું વિતરણ કર્યું હતું. આ વિતરણ કાર્ય માટે સંસ્થાના કાર્યકરોએ પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક પી.પી.સ્વામીના માર્ગદર્શન હેઠળ લીંગા સંસ્થાના સંચાલન કર્તા ભગતજીના સહયોગ થકી લીંગા સહિત જવતાળા, ગારમાળ, કોસબિયા, અંજનકુંડ જેવા ગામોના લાભાર્થીઓને આ ચીજ વસ્તુઓનું લીંગા હાઇસ્કુલના કેમ્પસમાં વિતરણ કર્યુ હતુ. આ પરમાર્થ કાર્યમાં સંસ્થાના સેવાભાવીઓ સર્વમાં પ્રકાશભાઈ, અતુલભાઈ, હેમલતાબેન, જૈમિનીબેન, હંસાબેન તથા સેજલબેન કીનારીવાલા અને તેમના સહયોગીઓ સહભાગી થયા હતા.

નવસારીમાં પ્રાકૃતિક ખેતી માટે ઉપયોગી 2 લાખ લીટર જીવામૃતનું વેચાણ

નવસારી: નવસારી જિલ્લા તંત્ર દ્વારા જિલ્લાના તમામ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે એક મુહિમ શરૂ કરવામાં આવી હતી. આ અભિયાનમાં ખેડૂતોને આવતી અનેક સમસ્યાઓની ઝીણવટપૂર્વક તપાસ કરી જેમાં એક સમસ્યા સામે આવી, કેટલાક એવા ખેડૂતો પણ હતા કે જેઓ પ્રાકૃતિક ખેતી કરવા માંગતા હતા પરંતુ તેઓ પાસે દેશી ગાય ન હોવાના કારણે ઇચ્છા હોવા છતા પ્રાકૃતિક ખેતી અપનાવી શકતા ન હતા. આ સમસ્યાના હલ રૂપે જિલ્લા ખેતીવાડી અધિકારી ડો. અતુલભાઇ ગજેરા, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પલતાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લા તંત્રના સહયોગથી આ સમસ્યાનું જળમૂળથી નિવારણ લાવવા જિલ્લા કક્ષાએ એક જીવામૃત વેચાણ કેંદ્ર ઉભું કરવાનો વિચાર કર્યો અને ડીસેમ્બર 2023થી વાંસદાના નાની ભમતી ગામે ખેતીવાડી વિભાગના બીજ કેન્દ્ર ખાતે ‘જીવામૃત પ્રોજેક્ટ’ની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટના કારણે રસાયણયુક્ત ખેતી કરતા ખેડૂતો રસાયણમુક્ત ખેતી કરતા થયા છે. આ કેન્દ્ર ખાતે દરરોજ 1200 લીટર જીવામૃત ઉત્પન્ન થાય છે. જેનું જિલ્લાના તમામ છ તાલુકાઓમાં અઠવાડિયામાં એક દિવસ પ્રમાણે વેચાણ કરવામાં આવે છે. આજદિન સુધીમાં 2,01,270 લીટર જીવામૃતનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. જેનો નવસારી જિલ્લાનાં કુલ 1,331 ખેડૂતોએ લીધો છે.

ડાંગના ખેડૂતે પ્રાકૃતિક ખેતી થકી આવક બમણી કરી

સાપુતારા: સુબિરના ચીખલી ગામના પ્રગતિશીલ ખેડૂત સુકીરાવભાઇ ગાયકવાડ જણાવે છે કે ‘આત્મા પ્રોજેક્ટ’ના સ્ટાફ દ્વારા તાલીમ મેળવી પ્રાકૃતિક ખેતીના પાંચ સ્તંભ આધારિત ખેતીની શરૂઆત કરી. જેમાં સૌ પ્રથમ ડાંગરના દેશી બિયારણમાં લાલ કડા, કૃષ્ણ કમોદ, બ્લેક રાઈસ વગેરે દેશી બિયારણનો ઉપયોગ કરી ખેતીની શરૂઆત કરી હતી. ખેતીનો વ્યાપ વધાર્યો અને અત્યારે તેઓ બમણી આવક મેળવી રહ્યાં છે. વર્ષ ૨૦૨૨-૨૩માં તેઓ પ્રાકૃતિક ખેતીના પાકોથી રૂપિયા એક લાખ દસ હજારની આવક પ્રાપ્ત થઇ છે.

બેવડી ઋતુને લીધે લોકોનું સ્વાસ્થ્ય જોખમાયું

નવસારીમાં રોગચાળો વકરતાં સિવિલમાં દર્દીઓ ઉભરાયા

દર્દીઓ ઓપીડી કેસ કઢાવવા તેમજ દવા લેવા માટે લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા

નવસારી: ચોમાસામાં બદલાતા વાતાવરણને પગલે નવસારીમાં શરદી-ખાંસી અને તાવના કેસોમાં વધારો થયો છે. જેથી નવસારી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓમાં વધારો થઇ રહ્યો છે. જેના પગલે દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં ઓપીડી કેસ કઢાવવા અને દવા લેવા માટે લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. ત્યારે નવસારી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવે તેમજ નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

નવસારી જિલ્લાના ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ નવસારી સિવિલ હોસ્પિટલ તેમજ ગામજનો પી.એચ.સી., સી.એચ.સી. હોસ્પિટલમાં સારવાર લેતા હોય છે. જયારે દર્દીઓની તબિયત વધુ બગડી હોય તો દર્દીઓ સારવાર લેવા માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં જાય છે. હાલમાં ચોમાસુ હોવાથી શહેર સહિત ગામડાઓમાં માંદગીનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે નવસારી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. જેમાં ખાસ કરીને શરદી-ખાંસી અને તાવના દર્દીઓનો વધારો થયો છે. માંદગીના કારણે નવસારી સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં દર્દીઓની લાઈન લાગી રહી છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ વધી રહ્યા હોવાથી દર્દીઓ ઓપીડીમાં કેસ કઢાવવા માટે લાઈનમાં ઉભા રહે છે. ત્યારબાદ દર્દીઓ જે-તે રોગના ડોક્ટરોને બતાવવા માટે લાઈન લગાવે છે. ત્યારબાદ દર્દીઓ ડોકટરો દ્વારા લખી આપવામાં આવતી દવાઓ લેવા માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. જેના કારણે દર્દીઓ તેમજ તેના સગાં-સબંધીઓ નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા માટે લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે.

નવસારી જિલ્લામાં શહેર તેમજ ગામડાઓમાં માંદગીનું પ્રમાણ ન વધે તે માટે નવસારી અને વિજલપોર શહેર સહિત ગામોમાં નવસારી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઠેર-ઠેર દવાનો છંટકાવ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે શહેરી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા અને ગામડાઓમાં ગ્રામપંચાયત દ્વારા સાફ-સફાઈ કરવામાં આવે તે પણ જરૂરી છે.

બદલાતા વાતાવરણને કારણે માંદગીના કેસો વધ્યા : સિવિલ સર્જન

“નવસારી : નવસારી સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જને જણાવ્યું હતું કે ઉનાળુ પૂર્ણ થયું અને ચોમાસુ બેસી રહ્યું છે. જેથી બંને ઋતુનો વચ્ચેનો સમય હોવાથી માંદગીનું પ્રમાણ વધી રહ્યું છે. જેથી ઓપીડી પણ દર્દીઓનો વધારો થયો છે. સોનોગ્રાફી માટે બે ડોક્ટરો હતા. જેમાં એક ડોક્ટરનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થઇ ગયો હતો. અને બીજા ડોક્ટરે રાજીનામુ આપી દીધું છે. આ બાબતે જીએમઈઆરએસ વિભાગને પત્ર લખ્યો છે અને સુરત રીઝનલ ડેપ્યુટી ડાયરેક્ટરને પણ પત્ર લખી જાણ કરી છે.

નવસારીના લુન્સીકૂઇ ખાતે ફાયર સેફ્ટી વિનાની 80 દુકાન સીલ

ફાયર વિભાગે આકસ્મિક ચકાસણી કરી દુકાનો સીલ કરતાં વેપારીઓમાં ફફડાટ

નવસારી: સુરતના તક્ષશિલા અગ્નિકાંડ અને હવે રાજકોટના ગેમઝોન અગ્નિકાંડને પગલે સમગ્ર રાજ્યમાં અરેરાટી મચી જવા પામી હતી. પરંતુ સુરતના તક્ષશિલા અગ્નિકાંડ બાદ પણ લોકોએ તેમજ રાજ્ય સરકારે લાપરવાહી વર્તી હતી. જેથી રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ જેવી દર્દનાક ઘટના બની હતી. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લા તંત્રને નાની-મોટી તમામ મિલકતોમાં ફાયર સેફ્ટીની સુવિધા કરાવવાની સૂચના આપી હતી. સાથે જ એકિઝટ ડોરની સુવિધાની ચકાસણી કરવા માટે પણ સૂચના આપી હતી. જેથી નવસારી જિલ્લામાં ચાલતા 6 ગેમઝોન તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યા હતા. આ સિવાય નવસારી-વિજલપોર નગરપાલિકાની ફાયર વિભાગની ટીમે શહેરમાં આવેલી મોટી ઈમારતોની ચકાસણી કરી હતી. જેમાં 5 લગ્નની વાડીઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાથી સીલ કરી હતી.

હવે ફાયર વિભાગે શહેરમાં આવેલી દુકાનોમાં આકસ્મિક ચકાસણી હાથ ધરી છે. નવસારી લુન્સીકૂઇ પાસે આવેલા સીટી સ્કવેર એપાર્ટમેન્ટમાં ઘણી દુકાનો આવી છે. જ્યાં નવસારી-વિજલપોર નગરપાલિકાની ફાયર વિભાગની ટીમે ચકાસણી હાથ ધરી હતી. જ્યાં 70 થી 80 દુકાનોમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાથી ફાયર વિભાગે દુકાનો સીલ કરી દીધી હતી. બીજી તરફ ફાયર વિભાગે દુકાનના વેપારીઓને નોટિસ કે જાણ કર્યા વિના ચકાસણી હાથ ધરી હતી.

બોરસી-માછીવાડ ગામે ગુમ થયેલા આધેડની દરિયા કિનારેથી લાશ મળી

નવસારી: જલાલપોરના બોરસી-માછીવાડ ગામે નંદનવન ફળિયામાં ધર્મેશભાઈ મોહનભાઈ ટંડેલ (ઉ.વ. 44) તેમના પરિવાર સાથે રહેતા હતા. ધર્મેશભાઈ છેલ્લા ઘણા સમયથી બેકાર હતા. ગત ૬ઠ્ઠીએ ધર્મેશભાઈ સવારે પોતાના ઘરેથી નિત્યક્રમ મુજબ 11 વાગ્યે દરિયા કિનારે ચાલવા ગયા હતા. પરંતુ મોડી સાંજ સુધી પરત ઘરે ન પહોંચતા પરિવારજનોએ આજુબાજુના વિસ્તારમાં તેમજ સગાં-સંબંધીઓને ત્યાં તપાસ કરી હતી. પરંતુ ધર્મેશભાઈ ન મળતા મરોલી પોલીસ મથકે જાણ કરી હતી. દરમિયાન પોલીસને ગત 8મીએ સાંજે માછીવાડ ગામે જે.ટી. દરિયા કિનારેથી ધર્મેશભાઈની લાશ મળી આવી હતી.. ધર્મેશભાઈનું મોત દરિયામાં ડૂબીવ જવાથી થયું કે શું તે અંગે પોલીસ પણ તપાસ કરી રહી છે. અનેક શંકા કુશંકાઓ વચ્ચે પોલીસે મૃતકની પત્ની નીરુબેનની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. ડી.જે. પટેલે હાથ ધરી છે. પોલીસ તપાસમાં શું તથ્ય સામે આવસે તેની પર સૌની નજર છે.

રેલવેમાં નોકરી અપાવવાના બહાને ઠગાઈ કરનાર રીશિદા ઠાકુરનાં જામીન નામંજૂર

બીલીમોરાના બે યુવાનોને રેલવેમાં નોકરીના બહાને લાખોનો ચૂનો ચોપડ્યો હતો, રીશિદાના સાથીઓ હજી પોલીસ પકડથી દૂર

નવસારી: નવસારીમાં રહેતી અને તપસ્યા નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટની પ્રમુખ રીશિદા ઠાકુર અને તેના સાથીઓએ બીલીમોરાના બે યુવાનોને રેલવેમાં નોકરી અપાવવાની લાલચ આપી હતી. તે બંને યુવાનોને વિશ્વાસમાં લેવા રીશિદા ઠાકુરના સાથીઓએ તેમને દિલ્હી બોલાવી રેલવેની ઓફિસ અને કારખાનું બતાવ્યું હતું. જેથી યુવાનોને તેમની વાત સાચી લાગતા રીશિદા ઠાકુર અને તેના સાથીઓને ઓનલાઈન તેમજ બેંક ટ્રાન્સફર કરી પૈસા મોકલતા હતા. રીશિદા ઠાકુર અને તેના સાથીઓએ લાખો રૂપિયા લીધા બાદ પણ રેલવેમાં નોકરી લગાવી આપી ન હતી. તેમજ લીધેલી રકમ પણ પરત આપી ન હતી. જેથી બીલીમોરાના યુવાનોએ રીશિદા ઠાકુર અને તેના સાથીઓ વિરુદ્ધ નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ બાબતે પોલીસે રીશિદા ઠાકુરને યુ.પી.ના નોઈડા ખાતેથી ઝડપી પાડી 7 દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ રિમાન્ડ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે રીશિદા અને સાથીઓએ અન્ય રાજ્યોના યુવાનોને પણ છેતરી લાખો પડાવ્યા હતા. જોકે રીશિદાનાં રિમાન્ડ પુરા થતા કોર્ટે તેણીને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલી આપી હતી. ત્યારબાદ રીશિદા ઠાકુરે નવસારીની કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જે અરજી સંદર્ભે કોર્ટે સુનાવણી કરી રીશિદા ઠાકુરના જામીન નામંજૂર કર્યા હતા. પરંતુ હજી રીશિદા ઠાકુરના સાથીઓ પોલીસ પકડથી દુર છે.

ડાંગના બારીપાડા ગામે રિસોર્ટ સંચાલકોએ બિનખેતીનો નકલી હુકમ બનાવી દીધો !

બોગસ હુકમ રજૂ કરાતાં 5 સામે પોલીસ ફરિયાદ

ગિરીશ ભોયે

સાપુતારા: આહવાના બારીપાડા ગામ ખાતે નિર્માણ થઈ રહેલા સનરાઈઝ રેસ્ટોરન્ટ અને રિસોર્ટનાં સંચાલકોએ જમીનની બિનખેતી માટેની પરવાનગી લેવા અંગે કોઈપણ અરજી કરી ન હતી. છતાં પણ કલેકટર ઓફિસ ડાંગ દ્વારા બિનખેતીની પરવાનગી આપી દેવાયાનો બનાવટી હુકમ બનાવી મામલતદાર સમક્ષ રજૂ કર્યો હતો. એ સાથે જ તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે.

આહવા મામલતદાર કચેરીના ઇન્ચાર્જ સર્કલ ઓફિસર દ્વારા સનરાઈઝ રેસ્ટોરન્ટ અને રિસોર્ટનાં 5 સંચાલકો વિરુદ્ધ સાપુતારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આહવાનાં બારીપાડા ત્રણ રસ્તા પાસે આદિવાસીની જમીન પર ગેરકાયદે ટેન્ટહાઉસનું નિર્માણ કરવામાં આવી રહ્યુ હોય ડાંગ જિલ્લા પ્રાંત અધિકારી દ્વારા સ્થળ તપાસ કરી હતી. બિનખેતી પરવાનગી આપતો બનાવટી હુકમ બનાવાયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતાં રમણ બુધા દેશમુખ તથા મહેશ દામુ પવાર, પ્રકાશ ઉત્તમ પટેલ, રાજુ એસ ભોયે તથા અવધેશ મળી કુલ પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જાહેર હરાજી

મોજે-રાજપુર પ્રાથમિક શાળા તા-વાંસદા જિ- નવસારીના જર્જરિત ઓરડા-૨ (બે) તોડવા માટેની જાહેર હરાજી તા-૧૬/૦૭/૨૦૨૪ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા તમામને સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ= હરાજીની શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

હરાજીનું સ્થળ
રાજપુર પ્રાથમિક શાળા
તા-વાંસદા જિ- નવસારી

SMC રાજપુર પ્રાથમિક શાળા
તા-વાંસદા જિ- નવસારી

પાવર ગુમ થયા અંગેની જાહેર નોટીસ

અમારા અસીલ **મનહરભાઈ ગોપાળભાઈ પટેલ, રહે.** મોટી કરોડ, તા. જલાલપોર, જી. નવસારીના રહિશના તરફથી **મોજે સરાવ તા. જલાલપોરની ખાતા નં. ૩૦૫ ની બ્લોક નં. ૬૩૭,૩૯૨, અને ૩૮૯ તથા ખાતા નં. ૪૦૫** ની ખેતીની જમીન અંગે તેમના પુત્ર **સુનિલ મનહરભાઈ પટેલ, રહે.** યુ.કે. ના દ્વારા ભારત માર્ચ ૨૦૨૪ ના સમય ગાળામાં આવીને નોટરી રૂબરૂ પાવર ઓફ એર્ટીની લેખ આપવામાં આવેલ જે તા. ૨૪/૦૫/૨૦૨૪ ના રોજ નવસારીથી કરોડગામે જતા જમાલપોર બસ સ્ટેન્ડ પાસે, ટુ- વિહલર બાઇક માંથી ગુમ થયેલ છે. જે વાઈટ કલરની પ્લાસ્ટીકની બેગમાં ઓરીજનલ પાવર ઓફ એર્ટની ના લેખ સાથે અન્ય દસ્તાવેજી પુરાવા પણ મુકવામાં આવેલ જે તમામ દસ્તાવેજો ગુમ થયેલ છે. જે કોઈને મળેલ હોય તેઓ હમારા અસીલના ઉપરના સરનામે આપવા વિનંતી છે. મોબાઈલ નં. : ૯૯૨૫૦૯૩૬૪૬ પર સંપર્ક કરવા વિનંતી.

અસીલ મજકુરની સુચના અને ફરમાઈસ થયેથી

હસમુખ આર. કટારીયા (એડવોકેટ)
રારનામું : ૨૦૩, શિવ કોમ્પ્લેક્ષ, સરદાર ચોક, વિજલપોર, તા. જલાલપોર, જી. નવસારી. મો. ૯૩૭૫૯૭૭૬૫૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: બોરીયાચ, તાલુકો: નવસારી, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

ગામનું નામ	બ્લોક નંબર (નવો)	બ્લોક નંબર (જુનો)	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
બોરીયાચ	૨૦૨	૧૮૫	૧-૮૬-૭૯	૧૬.૭૫	૨૨૨
બોરીયાચ	૨૦૩	૧૮૬	૧-૮૦-૨૬	૧૬.૧૫	૨૨૨

ઉપરોક્ત વિગત વાળી જમીન રાકેશભાઈ સુખદેવભાઈનાઓની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. તેમની પાસેથી સદર જમીન હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થાનો કોઈપણ હકક, દરદાવો, ગણોત હકક કે લેણું, બોજો અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહિત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૯-૦૭-૨૦૨૪
મારી મારફત, **દિપાલી આર. પટેલ** (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

-: ખરીદનાર સાવધાન :- -: જાહેર ચેતવણી :-

મોજે: તલાવચોરા તા.ચીખલી જી.નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર- ૧૦૭૪,૧૦૭૩,૧૧૦૦,૧૦૯૯,૧૧૦૨,૧૩ બ્લોક/સર્વે નં. ૧૯૫૩, ૧૯૫૦,૧૭૫૮/૩ ,૧૭૫૮/૨,૧૭૩૭/૨,૧૭૪૯ પૈસા પૈકી વરાડે પડતો વાળી જુની શરતની ખેતીની જમીન ક્લાબેન ઉર્ફે કલાવતીબેન તે સુખાભાઈ કાનજીભાઈ રાઠોડની પુત્રી તે ધીરુભાઈ મકનભાઈ પટેલની પત્ની વિગેરે સંયુક્ત માલીકના નામે ચાલી આવેલ છે. સદરહું જમીનમાં હમારો હિસ્સો સરકારશ્રીના નીતી-નિયમ મુજબનો આવતી જગ્યા અમો વેચવા માંગતા નથી. અમોએ અગાઉ અમારા ભાઈ કાન્તીભાઈ ઉર્ફે કાંતીલાલ સુખાભાઈ રાઠોડને સબ-રજીસ્ટ્રાર ચીખલી રૂબરૂ રજી.નં.૧૦૯૩ તા.૨૬/૦૫/૨૦૨૨ ના રોજ જનરલ પાવર ઓફ એટોનીની યાને કુલમુખત્યારનામું આપેલ હતો ,જે આ પેપર નોટીસ આપી રદબાતલ કરીએ છીએ. હાલમાં સદરહું જમીનના અન્ય સહમાલિકો સદરહું પાવર મારી જાણ બહાર વેચાણ કરે તે રદબાતલ ગણાશે.સદરહું જમીન વેચાણ,ગીરો,બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે રાખવી રખાવવી નહી તેમજ કોઈપણ કબજો રસીદ કે અન્ય કોઈ લેખ કે વેચાણ દસ્તાવેજ કે અન્ય કોઈપણ જાતના લખાણો કરવા-કરવવા નહી તેમજ કોઈપણ જાતનો વહીવટ,વ્યવહાર તથા નાણાંકીય લેવડ દેવડ કરવી-કરાવવી નહી અને તેમ છતાં,જો કોઈપણ વ્યકતિ,ઈસમ પેઢી કે સંસ્થા તેમ કરશે-કરાવશે તો તેઓને સદરહું જમીનના ચોખ્ખા ટાઈટલ પ્રાપ્ત થશે નહી અને તેવા વ્યવહાર અમાર અસીલને બંધનકર્તા રહેશે નહી અને તેઓને તકરાર સિવાય કશુંપણ પ્રાપ્ત થશે નહી.જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ભાવિક બી. શ્રીમાળી - એડવોકેટ
૧૦૭, રામજી પાર્ક, મારૂતિનગર, વિજલપોર, તા. નવસારી શહેર, જી. નવસારી.

IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ IDFC બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) - CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031. ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

પરિશિષ્ટ - IV-A (નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી સામાન્ય લોકો અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને કોલમ (iii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iv) મુજબ સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો કબજો જે અગાઉ IDFC બેંક લિ.તરીકે ઓળખાતી હવે IDFC FIRST Bank લિમિટેડ તરીકે ઓળખાતી બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આથી કોલમ (i) મુજબ લોન લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે, ‘જ્યાં છે ત્યાં’, ‘જેમ છે તેમ’ અને ‘જે છે તે’ પ્રમાણે 26મી જુલાઈ 2024ના રોજ અહીં વર્ણવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને IDFC FIRST બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ નંબર	(i) ડિમાન્ડ નોટિસની રકમ	(ii) એગ્રિમેન્ટ આઈડી	(iii) ઉધાર લેનારા(ઓ), સહ-ઉધાર લેનારા(ઓ) અને ગેરેન્ટર(ઓ)ના નામ	(iv) મોર્ગેજ મિલકતનું સરનામું	(v) અનામત કિંમતની રકમ	(vi) EMD રકમ	(vii) હરાજીની તારીખ અને સમય	(viii) EMD હરાજીની તારીખ અને સમય	(ix) નિરીક્ષણની તારીખ અને સમય	(x) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નંબર
1	રૂ. 1307276.94/- ડિમાન્ડ નોટિસ તા. 20-એપ્રિલ-2021	17791002	શ્રી ભાનુદાસ યાદવ પાટીલ, શ્રીમતી ચારૂશીલા બી પાટીલ અને જયેશ એન્જીનીયરીંગ	રેસિડેન્શિયલ ફ્લેટ નંબર 203નો તે તમામ ભાગ અને પાર્સલ, 699.00 ચો. ફીટ (64.69 ચો. મીટર)"શ્રી ખોડિયાર કૃપા કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ" તરીકે ઓળખાય છે, તે બિલ્ડિંગના બીજા માળે આવેલો સુપર બિલ્ટ અપ એરિયા, હાઉસિંગ પ્લોટ નંબર 1102/H-ii પર બાંધકામ 600 ચો. મીટર, વાપી નોટિફાઇડ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જીઆઇડીસી વાપી ખાતે આવેલ તેના સર્વે નંબર 191/પૈકીનો સમાવેશ કરે છે, ચાણોદ ગામની હદમાં, તા. વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત અને ફ્લેટ આ રીતે બંધાયેલ છેઃ ઉત્તરઃ ફ્લેટ નંબર 202, દક્ષિણઃ ફ્લેટ નંબર. 204, પૂર્વઃ માર્જિન સ્પેસ અને વેસ્ટઃ દાદર	INR 700000.00/-	INR 70000.00/-	26-Jul-2024 11.00 AM to 1.00 PM	25-Jul-2024 10.00 AM to 5.00 PM	19-Jul-2024 10:00 AM to 4:00 PM	નામ- સત્યેન્દ્ર મૌર્ય સંપર્ક નંબર - 8306001848 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર - 9574448844

ડિસ્ક્લેમર: મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને IDFC FIRST Bank Limited પાસે સ્થાવર મિલકત પર હાજર જંગમ સંપત્તિ, જો કોઈ હોય તો તે વેચાણ કરવાનો કોઈ અધિકાર નથી.

તારીખ: 10.07.2024

Sd/-
અધિકૃત અધિકારી
IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ IDFC બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

બરોડા ગુજરાત ગ્રામીણ બેંક

BARODA GUJARAT GRAMIN BANK
(ભારત સરકાર, ગુજરાત સરકાર તથા બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજિત)
"Reaching to unreached"

POSSESSION NOTICE

Whereas,
The undersigned being the Authorized Officer of the **Baroda Gujarat Gramin Bank** under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13 read with the Security Interest (Enforcement) Rules, 2002, issued demand notices dated **01-05-2024** calling upon the Borrowers / Guarantor / Mortgagor **Late Mr. Manirul Mojimmel Haque, Mrs. Tuhina Parvin Manirul Haque** to repay the amount mentioned in the notice being **Rs. 7,20,319.30/- (Rupees Seven Lakhs Twenty Thousand Three Hundred Nineteen Rupees and Thirty Paisa Only) on 01-05-2024** with further interest and expenses within 60 days from the date of notice/date of receipt of the said notice.

The Borrowers / Guarantor / Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrowers / Guarantor / Mortgagor and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **08th day of July of the year 2024**.

The Borrowers / Guarantor / Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Baroda Gujarat Gramin Bank for an amount of being Rs. 7,20,319.30/- (Rupees Seven Lakhs Twenty Thousand Three Hundred Nineteen Rupees and Thirty Paisa Only) on 01-05-2024** and interest & expenses thereon until the full payment.

Description of the Immovable Property

All the pieces and parcels of residential Flat no. C/501 in Darul Iman C (also called as Musa Residency), which is constructed on the N.A. Land bearing R. S. No. 460/B/P1/P1 land admeasuring 10843 Sq. Mtrs., flat admeasuring 1095 Sq. Ft. (101.76 Sq. Mtrs.) which is situated with the Municipal Limit of Dungra Tal. Vapi Dist. Valsad which belongs to Mr. Manirul Mojimmel Haque and Mrs. Tuhina Parvin Manirul Haque.

Property Bounded by:

On the East	Flat no. 504
On the West	Internal Road
On the North	Flat no. 502
On the South	Internal Road

Date: 08/07/2024
Place: Valsad

Chief Manager & Authorized Officer,
Baroda Gujarat Gramin Bank